મહેસાણા જિલ્લામાં ૧૨ પોઝીટીવ કેસ

મહેસાણા

મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતને મુજબ ૧૯ જુન સુધીમાં ૩૦૪૦ સેમ્પલ લેવામાં આવેલ હતા જેમાંથી ૨૮૨૩ સેમ્પલ નેગેટીવ આવેલ છે.મહેસાણા જિલ્લમાં શુ?કવારે ૧૦૩ સેમ્પલનું પરીણામ આવેલ છે જે તમામ સેમ્પલના પરીણામ નેગેટીવ આવેલ છે.જિલ્લામાં શુક્રવારે લેવાયેલ ૭૦ સેમ્પલના પરીણામ પેન્ડીંગ છે. આજે જિલ્લામાં ૧૧ દર્દીઓએ કોરાનાને પરાસ્ત કરતાં રજા આપેલ છે.જિલ્લામાં આજ દિન સુધી ૨૦૭ પોઝીટીવ કેસ નોંધાયા છે જેમાં ૪૪ કેસ એક્ટીવ છે અને ૧૪૫ દર્દીઓને આજ દિન સુધી ડિસ્ચાર્જ કરેલ છે.જિલ્લામાં શુક્રવારે ખાનગી લેબ ૧૨ પોઝીટીવ કેસ નોંધાયા છે .

મહેસાણા જિલ્લામાં ૧૨ પોઝીટીવ કેસની વિગતો જોઇએ તો જેમાં (૧) ૬૪ વર્ષીય શંકરભાઇ પટેલ જેઓ ૦૭ સહજાનંદ સોસાયટી કુંડાલ કડી ખાતે રહે છે (૨) ૭૬ વર્ષીય મંજુલાબેન જાની જેઓ લાક્કડનો માઢ સ્વામી નારાયણ મંદિર કડી ખાતે રહે છે (૩) ૭૯ વર્ષીય રાજેન્દ્રભાઇ જાની લાક્કડનો માઢ સ્વામી નારાયણ મંદિર કડી ખાતે રહે છે (૪)૬૧ વર્ષીય મહેન્દ્રભાઇ નંદવાણી જેઓ ૪૬ ગાર્ડન વિલા બંગ્લોઝ કડી ખાતે રહે છે આ તમામને રીધમ હોસ્પિટલ કડી દાખલ કરેલ છે. (૫) ૫૭ વર્ષીય ગીરીશભાઇ સોલંકી મકતુપુર ઉંઝા ખાતે રહે છે જેઓને સોલા સિવિલ અમદાવાદ ખાતે રહે છે. (૬) ૨૬ વર્ષીય દક્ષેશકમાર સુથાર જેઓ ગણેશનગર સોસાયટી કાંસા વિસનગર ખાતે રહે છે જેઓને જી.એમ.ઇ.આર.એસ વડગનર ખાતે દાખલ કરેલ છે (૭) ૮૨ વર્ષીય યશોદાબેન જોષી ૦૧ ઓમ નટરાજ બંગ્લોઝ મહેસાણા ખાતે રહે છે (૮) ૫૩ વર્ષીય આશાબેન જોષી ૦૧ ઓમ નટરાજ બંગ્લોઝ મહેસાણા ખાતે રહે છે આ બંન્નેને સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલ મહેસાણા ખાતે દાખલ કરેલ છે. (૯) ૬૮ વર્ષીય જ્યંતિભાઇ પટેલ ૧૬ જનતાનગર કડી ખાતે રહે છે (૧૦) ૫૭ વર્ષીય કાન્તાબેન પટેલ જેઓ ખાવડ કડી ખાતે રહે છે આ બંન્ને દર્દીઓને યુ.એન.મહેતા અમદાવાદ ખાતે દાખલ કરેલ છે. (૧૧) ૬૮ વર્ષીય ભગવાનદાસ પટેલ જેઓ આબાપુરા કડી ખાતે રહે છે જેઓને સીમ્સ હોસ્પિટલ અમદાવાદ ખાતે દાખલ કરેલ છે. (૧૨) કિર્તીભાઇ કંસારા જેઓ ૬૯ વર્ષીય છે જેઓ હાલ સતાઆશ્રમ બંગ્લોઝ માનવ આશ્રમ મહેસાણા ખાતે રહે છે જેઓને યુ.એન. મહેતા હોસ્પિટલ અમદાવાદ ખાતે દાખલ કરેલ છે.

મોડાસા તાલુકાના સાકરીયામા ગંદકીને લઈ રોગચાળાની ભીતી

મોડાસા તાલુકાના સાકરીયા ગામમા પ્રજાપતિ ફળિયામા કાંતિભાઈ મણીભાઈના ઘરની બાજુના અવરજવરના રસ્તા પર કેટલાય સમયથી થતી ગંદકીને લઈને આજુબાજુના રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે, સતત થતી ગંદકી બાબતે કાંતિભાઈ પ્રજાપતિએ અગાઉ લેખિત તેમજ વારંવાર મૌખીક રજૂઆતો કરવા છતા પણ પંચાયત દ્વારા કોઈ જ પગલા લેવામા આવ્યા નથી. હાલમાં સમગ્ર વિશ્વ કોરોનાના કહેરમા સપડાયું છે ત્યારે મોડાસાના સાકરીયા ગામે પ્રજાપતિ ફળિયામાં થયેલ ગંદકીને લઈને પણ રોગચાળો ફેલાવવાની પૂરેપૂરી દહેશત સેવાઇ રહી છે. આ ગંદકી તાત્કાલિક દૂર થાય તેવી ગ્રામજનોની માંગ છે.

વિજયનગર તાલુકાના તલાટી મંડળના પ્રમુખ, મંત્રીની નિમણુંક

ભિલોડા,તા.૧૯

વિજયનગર તાલુકાના તલાટી મંડળના નવિન પ્રમુખ, મંત્રીની નિમણુંક

બહુમતીથી કરાતા આનંદની લાગણી પ્રસરી છે. વિજયનગર તાલુકા તલાટી મંડળના પ્રમુખ સી. બી. ડામોરની વય નિવૃત્તી તા.૩૦/૬/૨૦૨૦ રોજ પુર્ણ થતાં નવિન પ્રમુખ અને મંત્રીની ચુંટણી સંદર્ભે કાર્યવાહી હાથ ધરાઈ હતી. વિજયનગર તાલુકા તલાટી મંડળના પ્રમુખ પદે સંદિપભાઈ પટેલા, મંત્રી પદે દિક્ષિતભાઈ નિનામા બહુમતીથી ચુંટાયા હતા. પ્રમુખ,મંત્રીની બહુમતીથી વરણી કરાતા શુભેચ્છકોએ નવિન હોદ્દેદારોને બિરદાવ્યા હતા.

હિંમતનગરના કરણપુરની સગીરાને હમીરગઢનો શખ્સ ભગાડી ગયો

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર તાલુકાના કરણપુર ગામની સીમમાં આવેલા એક કુવા પર રહેતા પરિવારની ૧૫ વર્ષની સગીરાને હમીરગઢ ગામની સીમમાં આવેલા એક કુવા પર રહેતો એક શખ્સ લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી અપહરણ કરી અંદાજે ૨૦ દિવસ અગાઉ ભગાડી ગયાની ફરીયાદ રવિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે કરણપુરની સીમમાં આવેલ એક પરિવારના મોભીએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૬ મે ના રોજ હમીરગઢ ગામની સીમમાં કુવા પર રહેતા અક્ષય રતીલાલ નાયક નામનો શખ્સ અંદાજે ૧૫ વર્ષ ૯ માસની એક સગીરાને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો જે અંગે તપાસ કરવા છતાં સગીરાનો કોઈ પત્તો ન મળતા કરણપુરની સીમમાં કુવા પર રહેતા એક પરિવારના મોભીએ અપહરણ કરી જનાર અક્ષય નાયક વિરૂદ્ધ રવિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

પાલનપુરમાં માસ્ક વગરના વાહન ચાલકો દંડાયા

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લાના જિલ્લા મથક પાલનપુર ખાતે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ચેક પોસ્ટ રોડ ઉપર વાહનોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં વાહન ચાલકો પાસે લાયસન્સ સહિતના કાગળોની તપાસ બાદ મેમાં ફાડવામાં આવ્યા હતા એટલું જ નહીં કોરોનાના સંક્રમણને અટકાવવા સરકારે માસ્ક ફરજિયાત બનાવ્યું છે તેમ છતાં માસ્ક વગર અન્યોની જિંદગી જોખમમાં મુક્તા વાહન ચાલકો સામે લાલ આંખ કરી મેમાં સાથે દંડ પણ વસુલ કર્યો હતો.

દોલપુર ગામમાં રોગપ્રતિકારક શક્તિ વધે એ માટે દવાનું વિતરણ

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના દોલપુર ગામમાં કોરોનાને લઈને રોગપ્રતિકારક શક્તિ વધે એ માટે દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરકારના આયુષ મંત્રાલય દ્વારા પ્રમાણિત કરેલી દવા છે જે કોવિડ-૧૯ કોરોના સામે ઈમ્યુનિટી પાવર વધારવા માટે ખૂબજ ઉપયોગી છે. આ દવાનું દોલપુર ગામમાં ઘરે ઘરે જઈ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ દવાનું વિતરણ ભેંસાવાડા સરપંચ અંબાબેન અને નટુભાઈ દેસાઈ અને ગામના સામાજિક કાર્યકર અને વકિલ એવા પુષ્પાબેન પટેલ ધ્વારા કરવામાં આવ્યું હતું. સાથે ગામ લોકોને આ દવા વિશે સમજ આપવામાં આવી હતી. કોરોનાને લઈ રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે આ દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધાનેરા પોલીસે દારૂ ભરેલી ગાડી સાથે પિસ્તોલ અને ત્રણ ઈસમોની ધરપકડ કરી

ધાનેરા પોલીસ સરહદી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે

સમય દરમિયાન મગરાવા ત્રણ રસ્તા પાસે રાજસ્થાન તરફથી આવી રહેલી હુન્ડાઈ કંપનીની ગાડી જે શંકાસ્પદ જણાતા પોલીસે તેને રોકી હતી અને તેની તલાસી લેતાં ગાડી માં બેઠેલા અને આ ઈસમોની પૂછપરછ કરતા ઈસમો ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા કે બાદ પોલીસે ગાડીની તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો અને તે બાદ ગાડીમાંથી એક પિસ્તોલ પણ મળી આવી હતી જેથી ધાનેરા પોલીસે ગાડી પિસ્તોલ દારૂ સહિત ત્રણેય આરોપીઓને ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અત્યારે તો ધાનેરા પોલીસે આ આરોપી વિરોધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે પરંતુ દારૂ અને પિસ્તોલ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવાતા હતા તે તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે

ખેડબ્રહ્મા સ્ટેટ હાઇવે પર એકટીવાને ઈકોએ ટક્કર મારતા યુવકનું ઘટના સ્થળ પર મોત

ખેડબ્રહ્મા થી અંબાઈ જતા હાઈવે પર એક ઈકો કાર ચાલકે એકટીવાને પાછળથી ટક્કર મારતા યુવકનું મોત નીપજ્યું હતુ

લાંબડીયા ના નીલકંઠભાઈ જગદીશભાઈ મકવાણા ઉ.વ.૧૮ પોતાનું એકટીવા નંબર જી.જે.૯.ડીઈ.૭૨૭૯ નું લઈ ખેડબ્રહ્મા થી લાંબડીયા જતા હતા ત્યારે જગમેર પાટિયા પાસે એક ઈકો કાર ચાલકે પોતાની કાર પુરઝડપે, ગફલત ભરી રીતે ચાલવી પાછળથી ટક્કર મારતા નીલકંઠ જમીન પર પછડાઈ જતા માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી અને કાર ચાલક ફરાર થઈ ગયો હતો જેથી નિલકંઠને ૧૦૮ મારફતે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યા ફરજ પરના ડૉક્ટરે મૃત જાહેર કરેલ જે અંગે નિલકંઠના કાકા મહેન્દ્રભાઈ મકવાણાએ ઈકો કાર ચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અરવલ્લીના પાંચ તાલુકામાં મેલેરીયા જાગૃતિ અભિયાન અંતર્ગત કામગીરી હાથ ધરાઇ

ચોમાસા પૂર્વે જિલ્લાના હાઇરિસ્ક ધરાવતા ૧૨ ગામોમાં દવાનો છંટકાવ કરાયો

ચોમાસા પૂર્વે અરવલ્લીમાં ખાસ કરીને મેલેરીયાની અસર વધુ જોવા મળે છે તેવા વિસ્તારોમાં મલેરીયા જાગૃતિ અભિયાન શરૂ કરીને જિલ્લાના પાંચ તાલુકાના હાઈરીસ્ક ધરાવતા ૧૨ ગામોમાં દવાનો છંટકાવની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા જૂન માસને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવણી કરાય છે. જેમાં ખાસ કરીને મેલેરીયાના અટકાયતી પગલા અને તકેદારી રાખવા જનજાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવે છે. રાજયને ૨૦૨૨ સુધી મેલેરીયામુક્ત કરવાના ઉદેશ્ય સાથે અરવલ્લી જિલ્લામાં અગાઉના વર્ષોમાં જયાં મેલેરીયાના કેસ મળી આવતા હતા તેવા વિસ્તારોની ઓળખ કરી દવા છંટકાવ કરવામાં આવે છે.

આ અંગે વાત કરતા જિલ્લા મેલેરીયા અધિકારી શ્રી આશિષ નાયકે જણાવ્યું હતુ કે, વર્તમાન ચોમાસાની ઋતુને અનુલક્ષીને જિલ્લામાં વાહકજન્ય રોગચાળો ન ફેલાય એના આગોતરા આયોજન મુજબ જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા અને ધનસુરા તાલુકાના ૧૦ આરોગ્ય કેન્દ્રમાં આવતા ૧૨ ગામોમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. જેમાં ૨૨૫૨ ઘરોના ૧૧,૦૭૩ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

આ ઉપરાંત આ સમયગાળામાં ફિવર સર્વે કામગીરી શરૂ કરી, ભંગાર એકત્ર થતા સ્થળ, ટાયર પંચરની દુકાન સહિત મચ્છર ઉત્પતિના સ્થાન છે, તેવા વિસ્તારોની ઓળખ કરી ટેમીફોસ અને બીટીઆઈ દ્વારા આ ઉત્પતિ સ્થળોનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોરોનાને અનુલક્ષી સોશિયલ ડિસ્ટન્ટ સાથે સઘન સર્વેલનસ અને લોકજાગૃતિ અંગે લારવા નિદર્શન તેમજ જયાં પાણીના કાયમી સ્ત્રોત છે તેવી જગ્યાએ પોરાભક્ષક ગપ્પી ફિશ મુકવામાં આવશે.

ડીસાના માણેકપુરા ગામે મહિલાની હત્યા

ડીસા, તા. ૧૮

કોરોના મહામારી દરમિયાન લોકડાઉનના પગલે ચોરી, લૂંટ અને હત્યાના ગુનાઓમાં વધારો થયો છે, ત્યારે આવી એક ઘટના ડીસા તાલુકાના માણેકપુરા ગામે બનવા પામી છે જેમાં કોઈ શખ્સે ધારીયાના ઘા મારી યુવતીની હત્યા કરાઈ હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર ઘટના બાબતની વિગતો જોતા પોલીસ પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા તાલુકાના માણેકપુરા ગામે રહેતા ગજરાબેન માલજીભાઈ ઠાકોર નામની મહિલાની ગુરુવારે કોઈ શખ્સે ધારીયાના ઘા મારી હત્યા કરી હોવાની જાણ મૃતકના પરિવારજનોએ ડીસા તાલુકા પોલીસને જાણ કરતા બનાવના પગલે પોલોસની ટીમ માણેકપુરા ખાતે દોડી આવી હતી અને મૃતદેહને પીએમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી તેમજ આ હત્યા મામલે મૃતકના પરિવારજનોએ આક્ષેપ સાથે જણાવ્યું હતું મૃતક ગજરાબેનના પતિ માલજી ઠાકોરે દારૂ પી ધારીયાના ઘા મારી ગજરાબેનની હત્યા કરી છે. હત્યા બાદ માલજી ઠાકોર ફરાર થઈ ગયો હતો. આ હત્યા મામલે તાલુકા પોલીસે તેમના પરિવારના સોમાજી છગનજી ઠાકોરની ફરિયાદ આધારે માલજી લખુજી ઠાકોર સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્ર ગતિમાન કર્યા છે.

હિંમતનગર અને વડાલીના વાડોથમાં કોરોના પોઝીટીવના ત્રણ કેસ નોંધાયા

ચાર દર્દીઓને રજા અપાઈ : કુલ કેસનો આંકડો ૧૨૧ પર પહોંચ્યો

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરી વિસ્તારમાં બે તથા વડાલી તાલુકાના વાડોથ ગામે મળી શુક્રવારે કોરોના પોઝીટીવના ત્રણ કેસ પ્રકાશમાં આવ્યા છે. જેથી જિલ્લામાં કોરોના કેસનો આંકડો ૧૨૧ પર પહોંચી ગયો છે. જો કે શુક્રવારે ચાર દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વડાલી તાલુકાના વાડોથ ગામના ૨૯ વર્ષિય યુવાન તથા હિંમતનગરના હરસિદ્ધનગરમાં રહેતા ૫૭ વર્ષિય પુરૂષ અને મોતીપુરાના પૃથ્વીનગરમાં રહેતા એક ૫૭ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેથી આ ત્રણેય દર્દીઓને સારવાર માટે હિંમતનગર સિવિલના આઈસોલેશન વોર્ડમાં સારવાર અપાઈ રહી છે.

જ્યારે જે ચાર દર્દીઓને રજા અપાઈ છે તેમાં હિંતનગર તાલુકાના બે તલોદ તાલુકાના એક અને ઈડર તાલુકાના એક દર્દીનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે તંત્ર દ્વારા કલસ્ટર કન્ટેઈનમેન્ટ સર્વેલન્સ દ્વારા ૨૬૮ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે જ્યારે અત્યાર સુધીમાં ૯૬ લોકો સારવાર લઈને સ્વસ્થ થયા છે. તાલુકાઓની વાત કરીએ તો હિંમતનગર તાલુકામાં ૩૭, પ્રાંતિજ ૨૮, ઈડર ૧૦, તલોદ ૧૪, વડાલી ૯, ખેડબ્રહ્મા ૧૨, પોશીના ૩ અને વિજયનગરમાં ૮ મળી કુલ પોઝીટીવ કેસની સંખ્યા ૧૨૧ પર પહોંચી છે.

લેબ ટેકનીશીયન ફૈઝ ઈપ્રોલીયા કોરોનાને મ્હાત આપી ફરજ પર હાજર

સમગ્ર વિશ્વમાં કોરાનાની મહામારી વચ્ચે આરોગ્ય કર્મીઓ સતત કોરોના સંકટ વચ્ચે યોદ્ધા બનીને કામ કરતા રહ્યા છે. પણ અરવલ્લી જિલ્લાના મોડાસામાં કોરોના વોરિયર ખુદ કોરોનામાં સપડાયા અને સાજા થઇ ગયા. તેમણે કહ્યું કે મને કોરોના થયો તો શું થયું મારે હજુ લોકોની સારવાર કરવાની છે.

મોડાસા અર્બેન હેલ્થ સેન્ટરમાં લેબ ટેક્નિશિયન તરીકે કામ કામ કરતી ફૈઝ ઈપ્રોલિયા દર્દીઓની સેવા કરવામાં એટલા વ્યસ્ત રહેતા હતા કે તેઓ કોરોનામાં ક્યારે સપડાયા તેનો ખ્યાલ જ નહોતો આવ્યો અને પોતાના વ્હાલસોયા ફક્ત સોળ માસના દિકરાને છોડીને તેઓ મોડાસાની કોવિડ હોસ્પિટલમાં ભરતી થયા. તેમણે જણાવ્યું કે જ્યારે તેઓને ખ્યાલ આવ્યો કે તેઓ કોરોના પોઝિટિવ છે, તેઓ કોવિડ હોસ્પિટલમાં સારવાર લીધી અને સ્વસ્થ થયા. લોકોની સેવા કરવા તેઓ ઉત્સુક હતા અને ક્વોરોન્ટાઈન સમય પૂર્ણ કરીને પોતાની ફરજ પર હાજર થઈ ગયા.

ફૈઝ જણાવે છે કે ૮ મેના રોજ ફૈઝે રીપોર્ટ કરાવ્યો. રીપોર્ટમાં કોરોના પોઝિટીવ આવતા તેમના પગ તળેથી જમીન સરકી ગઇ, મારા ૧૬ માસના પુત્ર શહાનું શું

થશે. મારા પતિ અને પરીવાર જો આ સંક્રમણ લાગશે એવા વિચાર માત્રથી શરીર આખામાંય ભયનું લખલખું પસાર થઇ ગયું, પણ મે હિંમત હાર્યા વગર બસ આની સારવાર માટે સજ્જ થઇ ગઈ. મોડાસાની કોવિડ હોસ્પિટલા સ્ટાફ જાણે તેમનો પરિવાર બની ગયો અને તેઓને સારવાર આપતા માત્ર દસ દિવસમાં સાજા થઇ ગયા. આ માટે તેઓ પોતાના પતિ અને સાસુ-સસરાનો આભાર માને છે. હતાશ થઇ ગયેલા દર્દીઓના ચહેરા પર સ્મિત લાવવાના મક્કમ ઇરાદાથી ફૈઝ ઇપ્રોલિયા ખરેખર કોરોના વોરિયર સાબિત થયા છે.

લાંબડીયા આરોગ્ય કેન્દ્રમાંથી બે વાહનો ચોરાયા

પોશીના તાલુકાના લાંબડીયા ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાંથી ત્રણ દિવસ અગાઉ અજાણ્યા શખ્સો રૂ. ૨૨ હજારની કિંમતના બે દ્વિચક્રી વાહનોની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ ગુરૂવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે. ડૉ. નરેન્દ્રકુમાર પરીખે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૬ જુની રાત્રે સામુહિક આરોગ્ય કેન્દ્રના કમ્પાઉન્ડમાં રખાયેલ રૂ. ૧૫ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯-સીજે-૩૨૭૫ તથા બાઈક નં. જીજે.૦૯-ક્યુ-૮૬૨૭ કે જેની કિંમત રૂ. ૭ હજાર થવા જાય છે. આ બંને વાહનોની અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા.

બનાસડેરીના સણાદર ડેરી પ્લાન્ટમાં પશુપાલકોને ૭૫ કરોડના લાભના શ્રીગણેશ

કોરોના કાળમાં કંપનીઓનો ધંધો ઘટતાં કામ માટે સ્પર્ધા જામી

સમગ્ર વિશ્વ જયારે કોરોના મહામારીનો સામનો કરી રહયું છે ત્યારે દેશ-વિદેશની કંપનીઓ પણ તેમનો ધંધો ઘટતાં હરીફાઈ યુકત રીતે કામ કરી રહી છે. તેમનો સ્પર્ધાત્મક રીતે કામ કરવાનો ફાયદો બનાસડેરીને મળી રહ્યો છે.

બનાસડેરીના સણાદર ખાતેના નવીન ડેરી પ્લાન્ટમાં સિવિલ કામમાં રૂ. ૨૫૮ કરોડના ટેન્ડર આવતાં તેને રીટેન્ડર કરતાં રૂ.૨૨૧ કરોડના ટેન્ડર આવેલા. ૧૨-૬-૨૦૨૦ના રોજ ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં મળેલ નિયામક મંડળે આ અંગે કંપનીઓ સાથે નેગોશીયેશનને અંતે રૂ.૧૮૨ કરોડમાં ટેન્ડર મંજુર કરતાં બનાસડેરીને રૂ.૭૫ કરોડનો ફાયદો થવા પામ્યો છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ ડેરી ઈન્ડસ્ટ્રીઝમાં માત્ર ગણીગાંઠી ત્રણ-ચાર કંપનીઓ હતી. તેની સામે હવે અનેક પ્રાઈવેટ કંપનીઓ હરીફાઈમાં ઉતરતાં, સ્પર્ધાત્મક રીતે કામ કરવાની હોડ જામતાં સરવાળે પશુપાલકોની સંસ્થાને આર્થિક ફાયદો રહ્યો છે અને સણાદર ખાતેનો ડેરી પ્લાન્ટ શરૂ થાય તે પહેલાંજ રૂ.૭૫ કરોડનો ફાયદો થતાં આ પ્રોજેકટમાં પશુ-પાલકોને લાભના શ્રીગણેશ થયા છે.

માત્ર ૧૮ મહીનાના ટુંકા ગાળામાં સ્થપાનાર આ ૩૦ લાખ લિટર ક્ષમતા ધરાવતા ડેરી પ્લાન્ટને કારણે જિલ્લાના કાંકરેજ, દિયોદર, ભાભર, થરાદ, લાખણી, વાવ, સુઈગામ, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓના પશુપાલકો અને દુધ ઉત્પાદકોને લાભ થશે.

અરવલ્લીની બે પંચાયત રાષ્ટ્રીયકક્ષાએ ઝળકી

ભિલોડા તાલુકા પંચાયત અને બાયડની વજેપુરા કંપા ગ્રામ પંચાયતની શ્રેષ્ઠ કામગીરી

ભારત સરકાના પંચાયતી રાજ વિભાગ દ્વારા દેશમાં ગ્રામિણ

વિકાસને લગતી શ્રેષ્ઠ કામગીરી બદલ જિલ્લા-તાલુકા અને ગ્રામ પંચાયતને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેમાં સમગ્ર દેશમાં ગ્રામ્યક્ષેત્રે સામુદાયિક વિકાસના શ્રેષ્ઠ કામ કરવા બદલ તાલુકાકક્ષાએ ભિલોડા પંચાયતનો અને ગ્રામ્યકક્ષાએ બાયડના વજેપુરાકંપાનો સમાવેશ થયો છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામિણ સમુદાયના લોકોમાં જીવન સુધારમાં પરીવર્તન આવે તે માટે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જરૂરી હોય છે અને આવા કામો જિલ્લા પંચાયત, તાલુકા અને ગ્રામ પંચાયત વિકાસના માધ્યમ બનતા હોય છે. આવુ જ અરવલ્લીના ભિલોડા તાલુકા પંચાયત દ્વારા અરજદારોના અરજીઓનો સકારાત્મક નિકાલથી લઇ તમામ યોજનાકીય લાભાર્થીઓને લાભ અપાવવા સહિતની કામગીરી માટે પંડિત દિનદયાલ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર જયારે બાયડની વજેપુરાકંપામાં સો ટકા શૌચાલય, સી.સી રોડ, વીજળીકરણ, ઘરે-ઘરે નળ કનેક્શન, સિંચાઈ પદ્ધતિ, બેંક ખાતા, જળસંચય, પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા, સાક્ષરતા અને આરોગ્ય વિષયક સેવાઓ સુદ્દઢ સેવાઓ તેમજ ચાઈલ્ડ ફ્રેન્ડલી પંચાયત સાથે ગ્રામ પંચાયત ડેવલ્પમેન્ટ પ્લાન (GPDP) અંતર્ગત નિયમિત ગ્રામસભાઓ, ઠરાવોનું અમલીકરણ તેમજ વિકાસ કામોને પ્રોત્સાહન આપવા બદલ નાનજી દેશમુખ રાષ્ટ્રીય ગ્રામ સભા પુરસ્કાર વર્ષ- ૨૦૧૮-૧૯ની શ્રેષ્ઠ કામગીરી બદલ કેન્દ્રના પંચાયતી રાજ વિભાગ દ્વારા એવાર્ડ આપવમાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર રાજયમાં જિલ્લા પંચાયત કક્ષાએ જૂનાગઢ, તાલુકાકક્ષાએ અરવલ્લીના ભિલોડા અને મહેસાણાની ઉંઝા તાલુકા પંચાયત, જયારે કચ્છ-છોટા ઉદેપુરની બે-બે અને અરવલ્લી, આણંદ અને રાજકોટની એક ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.